# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગ્રામીણ સશક્તિકરણને વેગ આપવાની ગુજરાત પાસે ઉત્તમ તક.**
2. **સુરત મહાનગરપાલિકા દ્વારા એક કરોડ 60 લાખ રૂપિયાના ખર્ચે દેશનું પ્રથમ સોલાર સંચાલિત બસ મથક તૈયાર કરાયું.**
3. **રાજ્યમાં 149 તાલુકામાં વરસાદ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં આજે અતિભારે વરસાદની આગાહી.**
4. **પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ઘટાડવા ની લોક જાગૃતિ માટે આજે "વિશ્વ પ્લાસ્ટિક બેગમુક્તિ દિવસ" મનાવાશે.**
5. **કચ્છમાં રમાતી મહિલા નેશનલ હેન્ડબૉલ સ્પર્ધામાં ગુજરાત અને પંજાબની ટીમ ફાઈનલમાં પહોંચી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત પાસે આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025ને સફળ બનાવવા નવા સહકારી મૉડેલ્સને પ્રોત્સાહન આપીને ગ્રામીણ સશક્તિકરણને વેગ આપવાની ઉત્તમ તક આવી છે. ગાંધીનગરમાં ગઈકાલે આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025ની રાજ્યવ્યાપી ઉજવણી માટેની ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું.

બેઠકમાં કાર્યક્રમોના આયોજન અંગેની વિસ્તૃત રજૂઆતમાં જણાવાયું કે , 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી નિમિત્તે પાંચ અને છ જુલાઈએ આણંદમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર અને સહકાર વિષયક કાર્યક્રમો યોજાશે. તેમજ શ્રી શાહની ઉપસ્થિતિમાં દેશની પ્રથમ ત્રિભૂવન સહકારી યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને સહકાર સંવાદ સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરાશે.

---

# SURAT SMART BUS STATION

સુરત મહાનગરપાલિકા દ્વારા અલથાણમાં એક કરોડ 60 લાખ રૂપિયાના ખર્ચે દેશનું પ્રથમ સોલાર સંચાલિત બસ મથક તૈયાર કરાયું છે.

સાંભળીએ એક અહેવાલ...

**(વોઈસકાસ્ટ – જયેશ વેગડા)**

(....લાઈટ એન્ડ એનર્જી એફિસેસીઝ સેલના કાર્યપાલક ઈજનેર પ્રકાશ પંડ્યાએ જણાવ્યું, આ ઇલેક્ટ્રિક બસ ડેપો ખાતે 100 કિલોવૉટ ક્ષમતા ધરાવતા રૂફટૉપ સૉલાર પાવર પ્લાન્ટ અને પ્રતિકલાકે 224 કિલોવૉટ ક્ષમતા ધરાવતી બૅટરી એનર્જી સ્ટૉરેજ સિસ્ટમ – **B.E.S.S.** સ્થાપિત કરવામાં આવી છે. આનાથી મહાનગરપાલિકાને વાર્ષિક અંદાજે એક લાખ કિલોવૉટ અવર વિજળીનું ઉત્પાદન થશે. તેના કારણે અંદાજે છ લાખ 56 હજાર રૂપિયાની ઊર્જા બિલમાં પણ બચત શક્ય બનશે તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી નેટ ઝીરો એનર્જી અને ટકાઉ ઊર્જા માટેના લક્ષ્યાંક હાંસલ કરવાની દિશામાં આ પરિયોજના એક મહત્વની કડી બનશે તેવો વિશ્વાસ શ્રી પંડ્યાએ વ્યક્ત કર્યો.

સમાચાર વિભાગથી, જયેશ વેગડા, આકાશવાણી, અમદાવાદ)

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આજે બનાસકાંઠા અને સાબરકાંઠામાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે.

જ્યારે કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમરેલી સહિતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદ પડી શકે છે. દરમિયાન છ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ)**

બીજી તરફ , આજે સવાર ચાર વાગ્યા સુધીમાં 149 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ સવા છ ઈંચ જેટલો વરસાદ મહેસાણાના વિજાપુરમાં વરસ્યો છે. જ્યારે તાપીના વલોદ, સુરતના ઉમરપાડા, ડાંગના સુબિર, સુરતના મહુવા અને બનાસકાંઠાના દાંતિવાડામાં ચારથી છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો. આ સિવાયના તાલુકાઓમાં ચાર ઈંચથી ઓછો વરસાદ થયાના અહેવાલ છે.

---

# SHIKSHAN SAHAYAK NIMNUK HUKAM

રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને આજે નિમણૂક હુકમ અપાશે. જ્યારે બિન-સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને આગામી આઠ જુલાઈએ નિમણૂંક હુકમ અપાશે.

શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત ઉમેદવારો માટે મૅરિટ-કમ-પ્રેફરન્સના આધારે શાળાની અંતિમ ફાળવણી 27 જૂને જાહેર કરવામાં આવી. ઉમેદવારો માટે શાળા ફાળવણીપત્ર ડાઉનલૉડ કરવા અને ફળવાયેલી શાળામાં નિમણૂક હુકમ મેળવવાની સૂચના WWW.GSERC.IN વૅબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવી હોવાનું ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયું છે.

---

# WORLD PLASTIC BAG FREE DAY

સમગ્ર વિશ્વમાં આજે 'વિશ્વ પ્લાસ્ટિક બેગ મુક્તિ દિવસ' મનાવાશે. પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ઘટાડવા અને જાગૃતિ લાવવા આ દિવસ મનાવાય છે.

સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: હિના મોદી)

(રાજ્યના વિવિધ જાહેર સ્થળોએ પ્લાસ્ટિક બેગનો વપરાશ ઘટાડવા બેગ **ATM** મૂકવામાં આવ્યા હતા. આ નિર્ણય બાદ માત્ર 200 દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ કાપડની થેલીનો ઉપયોગ કરી પર્યાવરણ બચાવવાના સંકલ્પને ચરિતાર્થ કર્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 260 કાપડની થેલીના નવા વિતરણ મશીનનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ આ મશીનો દ્વારા અત્યાર સુધીમાં 20 હજારથી વધુ કાપડની બેગનું વિતરણ કરાયું છે. આ ઉપરાંત રાજ્યના મહત્ત્વના 13 ધાર્મિક સ્થળોએ 30 જેટલા બેગ વેન્ડીંગ મશીન મૂકાયા છે. કાપડની થેલીના વિતરણ મશીનોની માહિતી માટે 'પ્રતિગ્યા લાઈવ ડેશબોર્ડ' પણ વિકસાવાયું છે.

હિના મોદી આકાશવાણી સમાચાર અમદાવાદ)

---

# HAND BALL KUTCH

કચ્છમાં રમાઈ રહેલી મહિલાઓની રાષ્ટ્રીય કક્ષાની સિનિયર હેન્ડબૉલની સ્પર્ધાનું આજે સમાપન થશે. ગુજરાત અને પંજાબની ટીમ આ સ્પર્ધાની ફાઈનલમાં પહોંચી ગઈ છે. જ્યારે 25 રાજ્યની ટીમ સ્પર્ધામાંથી બહાર થઈ છે.

અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, ગઈકાલે સવારના સત્રમાં છ મેચ રમાઈ, જેમાં કાંટાની ટક્કર જોવા મળી. યજમાન ગુજરાત અને લડાયક પંજાબ ફાઈનલમાં પહોંચતા આજે ફાઈનલ મુકાબલો થશે. સાંસદ વિનોદ ચાવડા , ધારાસભ્ય કેશુ પટેલ , જિલ્લાના અધિકારીઓ સહિતની ઉપસ્થિતીમાં વિજેતા

સહિતના ખેલાડીઓને વિજયચિહ્ન અને ઈનામ આપવા સાથે રંગારંગ સમાપન સમારોહ યોજાશે.

---

# PORBANDAR PLANTATION

પોરબંદરમાં ખાડી વિસ્તારમાં વિશેષ પ્રકારના ચેરના રોપાઓનું વાવેતર કરાયું છે. આંતર-રાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણી અંતર્ગત શ્રી હર્ષસાગર મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લિમિટેડ અને જિલ્લા રજિસ્ટ્રાર , સહકારી મંડળી પોરબંદરના સંયુક્ત ઉપક્રમે આ વાવેતર કરાયું છે. આ અંગે સહકારી મંડળીનાં જિલ્લા રજિસ્ટ્રાર રિના પટેલે વધુ માહિતી આપી.

## (બાઈટ – રિના પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, પોરબંદર)

---

# PATAN MANDIR DEVLOPMENT

પાટણમાં સરસ્વતી તાલુકાના ભૂતિયા-વાસણા ગામમાં પ્રાચીન શિવ મંદિર સંકુલનો બે કરોડ 70 લાખ રૂપિયાના ખર્ચે વિકાસ કરાશે. ધારાસભ્ય ડૉક્ટર કિરિટ પટેલના હસ્તે ગઈકાલે આ પરિસરનું ખાતમુહૂર્ત કરાયું. શ્રી પટેલે પાટણ પંથકમાં આવેલા વિવિધ પ્રાચીન મંદિરો અને ઐતિહાસિક સ્થળો , સ્થાનિકોના વિકાસ માટે પ્રવાસન વિભાગની ગ્રાન્ટ ફાળવવા રાજ્ય સરકારને રજૂઆત કરી હતી. બાદમાં સરકાર દ્વારા મંદિરોના વિકાસ માટે અનુદાનની ફાળવણી કરવામાં આવી છે.

---

# BAILIFF FTA

રાજ્યના ન્યાયતંત્રમાં ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓનું ફિક્સ મુસાફરી ભથ્થું-FTA વધારીને પ્રતિ માસ 2 હજાર 500 રૂપિયા કરાયું. રાજ્ય સરકારના આ નિર્ણય અંતર્ગત બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક 200 રૂપિયાના FTAમાં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને ખાસ ભથ્થુ મંજૂર કરાયું છે.

ગુજરાત રાજ્ય જ્યુડીશીયલ બેલીફ મંડળે કરેલી રજૂઆતને રાજ્ય સરકારે હકારાત્મક પ્રતિસાદ આપી FTAમાં 1 જુલાઇ, 2025થી વધારો કર્યો છે. આ નિર્ણયને પગલે રાજ્ય સરકાર પર માસિક 34 લાખ 77 હજાર તથા વાર્ષિક 4 કરોડ 18 લાખ રૂપિયાનું વધારાનું કાયમી નાણાકીય ભારણ વધશે.

---

# RAJKOT HEALTH DEPARTMENT

રાજકોટ શહેર અને જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ. વિભાગ દ્વારા ઘરેઘરે જઈ પાણીની ટાંકીઓને ઢાંકવા, પક્ષીઓ માટે પાણીના કુંડામાં અને ગામના ખાડા-ખાબોચિયામાં ચોમાસાનું પાણી ભરાતા મચ્છરોનું પ્રમાણ વધતા અટકાવવા જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો. ઉપરાંત , ગ્રામજનોને ઘર અને જાહેર સ્થળોએ કચરાનો યોગ્ય નિકાલ કરવા અને સ્વચ્છતા જાળવવા અંગે જરૂરી માર્ગદર્શન અપાયું.

---